ચિંતા એ કલ્પનાશક્તિનો સૌથી મોટો દુરુપયોગ છે
- રણછોડદાસ બાપુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર





Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૧૭ | ૭ જુલાઇ, ૨૦૧૩, રવિવાર; જયેષ્ઠ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં હજુ ૨૧,૩૦૬ હજુ કાચા મકાનો

## જિલ્લામાં ૨૧ હજારથી વધુ ગરીબ પરિવારો કાચા મકાનની છત નીચે જીવન ગુજારી રહ્યા છે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ૨૧,૩૦૬ પરિવારો આજે પણ કાચા મકાનોમાં નિવાસ કરી પોતાનું જીવન ગુજારી રહ્યા છે. તાજેતરમાં રાજ્ય સરકારે તમામ ગરીબોને આવાસની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે તંત્રને આપેલ સર્વે માટેની સૂચનામાં આ ચોંકાવનારી હકીકત બહાર આવવા પામી છે.

તંત્રએ આમ તો ત્રણ જુદા જુદા ભાગમાં સર્વેલન્સની કામગીરી કરી હતી. સર્વેલન્સમાં તંત્ર દ્વારા મકાનોની જર્જરિતતા દર્શાવતા ફોટોગ્રાફ્સ પણ સામેલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. તંત્રએ જે સર્વે કર્યો છે તેમાં ગરીબ પરિવારો જે કાચા મકાનમાં રહે છે તેમાં ૯૭૦૪ પરિવારો છે. જ્યારે ૧૭ થી ૨૦ ના ગુણાંકમાં આવતા પરિવારોની સંખ્યા ૧૧,૯૦૨ છે.

મળતી વિગતો પ્રમાણે તંત્ર દ્વારા કરવામાં આવેલા આ સર્વેમાં એવી પણ હકીકત બહાર આવવા પામી છે કે આ પરિવારો માત્ર ને માત્ર ઈંટોની દિવાલો બનાવી વસવાટ કરી રહ્યા છે. તો બીજી એક એવી પણ હકીકત બહાર આવી છે કે કાચા મકાનો માટીથી ચણીને બનાવવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા આવાસની ૧૦૦ ટકા સિદ્ધિ બાદ હવે જિલ્લામાં ગરીબ પરિવારો જે આવાસ વિહોણા છે અને કાચા મકાનોમાં રહે છે તેમના અંગે રાજ્ય સરકારે એક નવી યોજના તૈયાર કરવાની કવાયત હાથ ધરી છે. મળતી વિગતો પ્રમાણે રાજ્યમાં ગરીબો માટે આવાસની ૮ જેટલી યોજનાઓ છે. આ પૈકી ચાર જેટલી યોજનાઓનો અમલ ગાંધીનગર જિલ્લામાં થાય છે.

ઈન્દિરા આવાસ યોજનામાં ૦ થી ૧૬ના ગુણાંકમાં આવતા પરિવારોને આવરી લેવાના છે. આ લક્ષ્યાંક પૂર્ણ થઈ ગયો છે. જો કે શહેરમાં સમાવિષ્ટ ગામોમાં ગામતળ નીમ નહિ થયું હોવાને કારણે ૧૭ થી ૨૦ ગુણાંકના લાભાર્થીઓ આવાસ યોજનાથી વંચિત હોવાનું પણ બહાર આવ્યું છે.

● અનુસંધાન પાના- ૭ પર

## જિલ્લામાં ૧૫મીથી યુવા મતદાર મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લામાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત યુવા મતદાર મહોત્સવ ૨૦૧૩નું આયોજનકરવામાં આવ્યું છે. આ યુવા મતદાર મહોત્સવ ૧૫-૭-૨૦૧૩ થી ૧૫-૮-૨૦૧૩ દરમિયાન પાંચ જેટલા જુદા જુદા વિભાગોમાં યજાશે

યુવા મતદારોની સક્રિયતા ચૂંટણી પ્રક્રિયામાં વધે તે હેતુથી આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જિલ્લા કલેકટરશ્રી પી. સ્વરૂપે જણાવ્યું છે. આ માટે જિલ્લાની તમામ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તેમજ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓને સાંકળી લેવાનું આયોજન છે.

પાંચ જેટલા વિભાગોમાં યોજાનાર આ સ્પર્ધાની વિગતો આપતાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મન્સુરીએ જણાવ્યું છે કે પ્રથમ કક્ષા જિંગલ, ગીત, લેખન બીજી કક્ષામાં મેસ્કોટ બનાવવા અને તેની ડિઝાઈન તૈયાર કરવી કક્ષા-૩ ફલેશ મોબ, ચોથી કક્ષા એડ ફિલ્મ અનો પાંચમો વિભાગ માત્ર મહિલાઓ માટે છે.

આ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ વિજેતા થનાર વિદ્યાર્થીને રૂ. ૨૦૦૦, દ્વિતીય વિજેતાને રૂ. ૧૦૦૦ તથા તૃતિય વિદ્યાર્થીને રૂ. ૫૦નો પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

જિલ્લા કક્ષાએ વિજેતા બનેલા આ ત્રણેય વિદ્યાર્થીઓની કૃતિ રાજય કક્ષાએ મોકલાશે અને તમાં વિજેતા થનારને રૂ. ૨૫ હજાર, રૂ. ૨૦ હજાર તથા રૂ. ૧૫ હજારના પુરસ્કાર અપાશે.

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો ૯૭૧૪૧૯૮૩૬૬
મો ૯૪૨૬૨ ૭૦૪૮૧

વેલકમ હમ દિલસે કરતે હૈ...
હોટલ ઘુંઘટનું નવું વધુ એક સોપાન
નવવિકસીત ગાંધીનગરમાં
હોટલ મીડલ ટાઉન
ભોજન માટે સ્પેશ્યલ ઈન્ડીયન (પંજાબી), કોન્ટીનેન્ટલ, ચાઈનીઝ, આઈસ્ક્રીમ+ કોલ્ડ્રીંક
એક્ઝીક્યુટીવ લન્ચ : રૂ.૧૯૦
પાવર લન્ચ : રૂ.૧૫૦
એ.સી. બેન્કવેટ હોલ (૨૫૦ વ્યક્તિની કેપેસીટી)
● પાર્કીંગ વ્યવસ્થા
● લીફ્ટની સુવિધા
પ્રમુખ આર્કેડ (ઘ-૦થી આગળ)
ટીસીએસની નજીક, રિલાયન્સ ચોકડી પાસે, કુડાસણ, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૯૨૯૮૮૮૭, ૨૩૨ ૧૩૮૮૭ ● મો. : ૯૪૦૯૨ ૮૮૮૮૩
web : www.hotelmiddletown.com Email : enquiry@hotelmiddletown.com






